


# ગ્રોફુગલ એમએસએમઇ રિટેલ સેક્ટર માટે 'સહયોગાત્મક વેપાર' સાકાર કરવા માટે સજ્જ

અમદાવાદ, તા. ૧૦

રિટેલર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના સીઈઓ શ્રી કુમાર રાજાગોપાલને પરંપરાગત રિટેલ ઉદ્યોગ માટે AI અને ML જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને કંપનીનો સૌપ્રથમ એક્સપેરિમેન્ટલ ડિજીટલ સ્ટોર લોન્ચ કર્યો હતો. રિસર્ચ રિપોર્ટ દર્શાવે છે કે ભારતીય રિટેલ ઉદ્યોગ ૧૪ મિલીયન રિટેલર્સ સાથે ૭૦૦ અબજ ડોલરનો હોવાનો મનાય છે. તેમાંથી એમએસએમઇ સેગમેન્ટ બજાર જરિયાતોમાંથી ૬૦-૭૦ ટકા જરૂરિયાતો સંતોષે છે. ડિજિટલ સ્ટોરનું અનાવરણ કરતા રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સીઈઓ શ્રી રાજાગોપાલાને જણાવ્યું હતું કે, "આધુનિક વેપાર સાથે સહ-અસ્તિત્વ ધરાવતું પરંપરાગત રિટેલ માર્કેટ, આધુનિક અને જીવંત દેખાવા માટે એક ઓળખ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. જો કે, ટેક્નોલોજી તેમને અપનાવવા માટે ક્યારેય સસ્તી અથવા યુઝર ફ્રેન્ડલી રહી નથી. મારું માનવું છે કે GOFRUGAL જેવા ટેક્નોલોજી ખેલાડીઓ, તેમના અલગ પ્રકારના પ્રોડક્ટ સ્યુટ સાથે ભારતભરના લાખો નાના વેપારીઓને તેમના બિઝનેસીસને મજબૂત અને વિકસિત કરવા માટે મદદ કરી શકે છે.